



# સરદાર ચોક પાસે દુકાનના વેપારી-વસાહતીઓ વચ્ચે હોબાળો

લોકડાઉનની સ્થિતિ વચ્ચે નાગરીકોને તકલીફનો સામનો ન કરવો પડે તે માટે જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની દુકાન ખુલ્લી હોય છે. ત્યારે ખાદ્યપદાર્થોની ચીજવસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓને પણ સવાર સાંજ દુકાન ખોલવાનો અને બંધ કરવા માટે સમય નિયત કરાયો છે. જેથી નાગરીકો ટોળા એકઠા ન થાય અને સોશિયલ ડિસ્ટન્સ જળવાય. ત્યારે કુડાસણ ખાતે સરદાર ચોક નજીક એક દુકાનદાર દુકાનની અંદર તો સામાન ખીચોખીચ ભરેલો છે, તેમ છતા દુકાનની બહાર મોટો પથારો લાંબો કરીને બેસી રહે છે. દુકાન ખુલ્લી રહે તે માટેનો કોઈ સમય નિયત કરેલો નથી. તો બીજીતરફ આ દુકાન ખાતે ખરીદી કરવા માટે આવતા નાગરીકોમાં સોશ્યિલ ડિસ્ટન્સ જળવાતુ નથી તેવી ફરીયાદો પણ ઉઠવા પામી છે. ત્યારે સ્થાનિક નાગરીકો વેપારીને આ અંગે સમજાવવા માટે જતા ગતરોજ સાંજના સુમારે હોબાળો થયો હતો. સ્થાનિક નાગરીકોને વેપારી મહાશય ગાંઠતા નથી તેમ લાગી રહ્યું છે. ત્યારે વેપારી દ્વારા દુકાન બહાર મોટો પથારો કરાયો છે તે દુર કરવામાં આવે અને કોરોનાની મહામારીને પગલે વેપારી દ્વારા સલામતી-સાવચેતીનું ધ્યાન રાખવામાં આવે તેવી સ્થાનિક નાગરીકોની લાગણી અને માંગણી છે.

## ખૂણેખાંચરેથી

- ભાજપના પૂર્વ કોર્પોરેટર અને સે. ૨૩ના અગ્રણી પ્રકાશ પટેલે પી.એમ. કેઅેર્સ ફંડમાં રૂ. ૧૫ હજાર અને મુખ્યમંત્રી રિલીફ ફંડમાં રૂ. ૧૫ હજાર આપ્યા છે.
- ગાંધીનગરમાં કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા ગાંધીનગર શહેરના જરૂરિયાતમંદોને કીટ વિતરણના યોજાયેલ સમારોહમાં હાજર રહેલા કેટલાક ભાજપના અગ્રણીઅોને ક્વોરોન્ટાઈનમાં જવાની ફરજ પડી હોવાનું જાણવા મળેલ છે. આ સમારોહમાં કવરેજ માટે ગયેલ મિડિયાકર્મીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ સ્થિતિ ઉભી થવા પામી છે.
- કુડાસણ સ્થિત સેવન વન્ડર હોટલ ખાતે આજે યોજાયેલ રક્તદાન શિબિરમાં ૬૯ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતુ.
- ૨૯મી એપ્રિલ સુધી જિલ્લામાં ગરમીનું પ્રમાણ ૪૦-૪૧ ડિગ્રી સે. જ રહેશે જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૩ થી ૬૭ ટકા રહેવાની સંભાવના છે. જ્યારે પવનની ગતિ ૧૦ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાનમાં વ્યક્ત કરાઈ છે.
- રાજ્ય સરકાર દ્વારા રોજ સ્વર્ણિમ સંકુલમાં યોજાતી પત્રકાર-પરિષદો હાલ પુરતી સ્થગિત કરી દેવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં બાયો મેડિકલ વેસ્ટનુ કલેક્શન અત્યાર સુધીમાં બે હજાર કિલોથી કરી મનપા દ્વારા તેનો નિકાલ કરવામાં આવ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, કાંઈ નવોઆઈડીયા આવે તો કહી દેજો... તાળું હાથમાં જ રાખું છું... તરત બંધ કરી દઈશ...!!

# કોરોના વાયરસ પ્રતિકારાત્મક કાર્યો હાથ ધરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામના સરપંચ શ્રીમતી રેવાબેન ધરમસીભાઈ દેસાઈ અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે વિવિધ પ્રતિકારાત્મક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ૧૪૦૦ માસ્ક બનાવી શ્રમજીવીઓને વિનામૂલ્યે આપવા, હાથ સાફ કરવા માટે આયુર્વેદિક સેનેટાઈઝર બનાવી ગ્રામજનોને આપવુ અને ગામના તમામ કાચા-પાકા રસ્તાઓ ઉપર ટ્રેક્ટર દ્વારા ચેપરહિત દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. સાદરા ગામમાં કોરોના ચેપગ્રસ્ત એક પણ દર્દીનો પ્રવેશ થાય નહી તે માટે ગામની ભાગોળે લોકડાઉન નોટીસ બોર્ડ બનાવી લગાવવામાં આવ્યુ છે. આ સેવાકાર્યો કરવા પાછળ સાદરા ગામના મીયાં મહાદેવ સ્વયમસેવકોની ટૂકડીએ મહત્વની ભૂમિકા ભજવી છે.

# મગોડી ગામના જરૂરિયાતમંદોને મેયર રીટાબેન દ્વારા કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૭

મગોડી ગામમાં ઘણા જરૂરિયાતમંદ પરિવારો છે જેમને જરૂરીયાતમંદોને ભોજનની વ્યવસ્થા થાય છે કે નહિ તેમ પુછ્યુ ત્યારે ગામના સરપંચ દ્વારા મેયરને રીતે સ્વખર્ચે રાશનની કિટો બનાવડાવી અને રવિવારે સવારે મેયરે પોતે ગામમાં આવી તમામ



રાશનની જરૂરીયાત ઉભી થઈ છે. જેથી બે દિવસ પહેલા ગાંધીનગરના મેયર શ્રીમતિ રીટાબેન પટેલ ગાંધીનગરની હદથી બહાર આવેલા નાનકડા એવા મગોડી ગામની મુલાકાત લીધી હતી. ત્યારે મેયરે ગામના સરપંચને બોલાવીને રૂબરૂ સંપર્ક કર્યો હતો. મેયરે સરપંચ પાસેથી ગામની સ્થિતિની જાણકારી મેળવી અને જાણ થઈ કે ગામમાં ૮૦ જેટલા પરિવારો એવા છે જેઓ રોજની મજુરી કરીને રોજ ખાવા વાળા છે. તેમના જીવન નિર્વાહ માટે રાશનની તાતી જરૂરીયાત છે. મેયરે તેઓને આશ્વાસન આપ્યું કે તેઓ તમામ જરૂરીયાતમંદ પરિવારો માટે સ્વખર્ચે રાશન કિટ બનાવીને આપશે. ત્યારબાદ મેયરે ગામના તમામ જરૂરીયાતમંદ માટે પોતાની જરૂરીયાતમંદ પરિવારોને પોતાના હસ્તક રાશનની કિટોનું વિતરણ કર્યુ.



વડાપ્રધાન નરેન્દ્રભાઈએ પૂર્વ કેન્દ્રીયમંત્રી અને ભાજપના ૧૯૮૪માં ચૂંટાયેલા પ્રથમ સાંસદ એ.કે. પટેલ સાથે ફોન પર વાત કરી ખબર-અંતર પુછ્યા અને કોરોના અંગેની વર્તમાન પરિસ્થિતિ અંગે વાતચીત કરી હતી.

# ધો. ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને કૃપા ગુણ આપવાનો વિશેષાધિકાર પ્રિન્સિપાલને અપાયો

ગુજરાતમાં એક તરફ કોરોના મહામારીનો કહેર જોવા મળી રહ્યો છે. આમ કોરોનાના કહેર વચ્ચે રાજ્યમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. લોકડાઉનના જાહેર થયા બાદ રાજ્યમાં સ્કૂલોની બાકી રહેલી પરીક્ષા રદ કરાવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે કોરોનાને લઈને હવે રાજ્યના શિક્ષણ બોર્ડે ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે વર્ગ બઢતીના નિયમમાં ફેરફાર કર્યો છે. જેમાં ધોરણ ૯ અને ૧૧ પાસ માટે પ્રિન્સિપાલને વિશેષ અધિકારી આપવામાં આવ્યો છે. કોરોનાને લઈને પરીક્ષા ન લેવાઈ શકે તેમ હોય ગુજરાત શિક્ષણ બોર્ડે નવો નિર્ણય લીધો છે. જેમાં ધોરણ ૯ અને ૧૧ પાસ માટે પ્રિન્સિપાલને વિશેષ અધિકાર આપવામાં આવ્યો છે. જેમાં પ્રિન્સિપાલ વાર્ષિક પરીક્ષા પહેલાની ૨ પરીક્ષાના માર્કસ અને આંતરિક મૂલ્યાંકન આધારે પરિણામ તૈયાર કરી શકશે. જેમાં પ્રિન્સિપાલ ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓના અગાઉની પરીક્ષાના આધારે જો વિદ્યાર્થી નાપાસ થતો હશે તો કૃપા ગુણ આપીને પાસ કરી શકશે. આમ કૃપા ગુણનો વિશેષ અધિકાર પ્રિન્સાપલનો આપવામાં આવ્યો છે.

# જાન આપણી બચી જશે તો દેશ આપણો જીતી જશે

### ગત સપ્તાહે યુ-ટ્યુબ પર લોન્ચ થયેલ ગાંધીનગરના પ્રથમ કોરોના જાગૃતિલક્ષી વીડિયો સૉંગ ‘જીતવું છે, લક્ષ્ય અમારો’ને પ્રોત્સાહક પ્રતિસાદ


ગાંધીનગર, તા. ૨૭

સમગ્ર ભારતમાં કોરોના વોરિયર્સ પોતાના જીવના જોખમે પ્રશંસનીય લડત આપી રહ્યા છે જેમાં તબીબો, નર્સિંગ અને પેરા મેડિકલ સ્ટાફ,



પોલીસ તથા સુરક્ષા કર્મીઓ, સફાઈ કર્મચારીઓ, ફાયર કર્મીઓ, પાણી-ગેસ-વીજળી જેવી આવશ્યક સેવાના કર્મચારીઓ તથા વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ વગેરે ઉપરાંત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓના સેવાભાવી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. આ સાથે આ કોરોના વોરિયર્સ નો જુસ્સો વધારવા હવે કલાકારો પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે જેમાં ગાંધીનગરના યુવા કલાકારો એ પણ પાછળ નથી. ગાંધીનગરના યુવા કલાકારોએ કારોના મહામારી સામે નાગરિકોનો જુસ્સો વધારવા લૉકડાઉનની મર્યાદામાં રહીને તૈયાર કરેલ શહેરનું પ્રથમ વીડિયો સોંગ ‘જીતવું છે, લક્ષ્ય અમારો’ યુ-ટ્યૂબ પર લોન્ચ કર્યુ છે જેને ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો છે અને માત્ર એક જ સપ્તાહમાં આ વીડિયો સોંગને ૨૨૦૦થી વધુ વ્યુઅર્સ પ્રાપ્ત થયાં છે.

‘જીતવું છે, લક્ષ્ય અમારો’ વીડિયો સોંગ ગત શુક્રવારે યુ ટ્યુબ પર લોન્ચ કરવામાં આવ્યું હતું. આ વીડિયો સોંગમાં ગાંધીનગરના કલાકારો ઉપરાંત જાણીતી ટીવી ગેમ શોના એન્કર સોહમ માસ્ટર, ગુજરાતી ફિલ્મોના સંગીતકાર કેદાર ઉપાધ્યાય, રણજી ટ્રોફીના ક્રિકેટ પ્લેયર્સ સહિત વિવિધ ક્ષેત્રની હસ્તીઓએ પોતપોતાના ઘરે કે ઓફિસમાં રહીને આ ગીતમાં પદાર્પણ કર્યું છે. આ ગીતમાં સંગીત તથા વાદ્ય વાદન રવિ પાટડીયાનું છે તેમજ ગીતનું આયોજન તથા તેમાં રેપ સિંગિંગ ગાંધીનગરના ઉભરતા યુવા અદાકાર ઉરેન કુમાર દ્વારા કરવામાં આવ્યું છે. જીતનું એડિટિંગ દેવમ દવેએ કર્યું છે જ્યારે ગીતને તૈયાર કરવામાં વેરિયન્ટ વર્લ્ડ વાઈડનો સહકાર પ્રાપ્ત થયો છે. સમગ્ર ગીતમાં પદાર્પણ કરનાર કલાકારોએ પોતપોતાના ઘરેથી બનાવીને મોકલાવેલા વીડિયોનું એડિટિંગ પણ



લૉકડાઉનની મર્યાદામાં રહીને હોમ સ્ટુડિયોમાં કરવામાં આવ્યું છે. આ ગીતમાં ખૂબ જ સંવેદના તર્ક સંદેશ પાઠવતા એક કડીમાં કહેવામાં આવ્યું છે કે ‘જાન આપણી બચી જશે તો દેશ આપણો જીતી જશે’ ગાંધીનગરના યુવા વર્ગમાં આ વીડિયો સોંગ ખૂબ પસંદ કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં કોરોના મહામારી સામે જનજાગૃતિ ફેલાવવા સાથે ઉત્સાહ વધારતા આ ગીતમાં શહેરના સેવા કાર્યો તથા સેનિટેશન જેવી પ્રક્રિયાઓના દશ્યો પણ સામેલ કરવામાં આવ્યા છે.

# ચિલોડામાં લોકડાઉન વચ્ચે અક્ષયતૃતીયા અખાત્રીજનું મુહૂર્ત સાચવવા દુકાન વેપારીએ બહાર પૂજા અર્ચના કરી

ચિલોડા, તા. ૨૭

અખાત્રીજના પવિત્ર અક્ષયતૃતીયા દિવસે ખેતી વ્યવસાય ધંધા દુકાનદારો-સોના-ચાંદી જ્વેલર્સ વણજોયુ મુહૂર્ત માટે લોકડાઉન વચ્ચે ચિલોડા મુખ્ય અશ્વમેઘ કોમ્પલેક્ષમાં જ્વેલર્સ અને ઈલેક્ટ્રોનિક્સના વેપારીઓ દ્વારા શુભ મુહૂર્ત સાચવવા દુકાન બહાર પૂજા-અર્ચના કરી રહ્યા છે.

લોકડાઉનના નિયમનું ચુસ્તપણે પાલન કરવા સમર્થન આપ્યુ હતુ. કોમ્પલેક્ષની મુખ્ય દુકાનો ખોલવા બાબતે વેપારીઓ અવઢવમાં મુકાયા હતા.

# ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે નાયબ જિલ્લા અધિકારી દ્વારા માર્ગદર્શન અપાયુ

ચિલોડા, તા. ૨૭

કોરોના વાયરસ કોવિંદ-૧૯ના સંક્રમણ અટકાવવા અને જનજાગૃતિ કેળવવા માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલ ચિલોડા ગ્રામ પંચાયત કચેરી અને ગામના મુખ્ય પ્રવેશદ્વાર નાકાબંધી તથા આરોગ્યલક્ષી, કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણાત્મક પગલાં, લોકડાઉન અંગેની બેઠકમાં સલાહ અને માર્ગદર્શન ગ્રામ આગેવાનોને પુરૂ પાડ્યુ હતુ. આ બેઠકમાં અગ્રણી દિનેશભાઈ પટેલ, બિરેન પટેલ, રોહિત પટેલ, ધર્મેન્દ્રજી ઠાકોર તથા તલાટીકમ મંત્રી રાજુભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. ગામ લોકડાઉનના પ્રવેશબંધી સ્થળનું નિરીક્ષણ કર્યુ હતુ.

ઘરમાં રહો, સુરક્ષિત રહો
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

કોરોનાની ચેઈન તોડવાનો એક માત્ર રામબાણ ઈલાજ




COVID-19 સંબંધિત માહિતી માટે વન-સ્ટોપ સોલ્યુશન

- આરોગ્ય સેતુ એપ એવું સુરક્ષા કવચ છે કે, જો કોરોનાગ્રસ્ત વ્યક્તિ તમારી નજીક પણ આવશે તો તરત જ તમારા મોબાઈલમાં બીપ-બીપ અવાજ આવશે અને તમને સચેત કરી દેશે જેથી કોરોના વાયરસના સંક્રમણથી તમે બચી જશો
- તમારા સગા, સંબંધી, પાડોશી કે મિત્રોને તેમના મોબાઈલમાં અત્યારે જ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવીને આત્મીયતાનો ધર્મ બજાવો
- તમારા લોકેશનની માહિતી અને સોશ્યલ ગ્રાફના આધારે આ એપ જણાવશે કે તમે Low Risk કે High Risk ઝોનમાં છો
- Self-Assessment Testની જાણકારીથી તમે સ્વયં નક્કી કરી શકશો કે ક્યાંક તમને તો આ ચેપનો ભય નથી ને ?




આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

ક્યુઆર કોડ સ્કેન કરો અને ડાઉનલોડ કરો

કોરોનાથી બચવું હોય તો, આજે અત્યારે જ તમારા મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો અને સુરક્ષિત થઈ જાઓ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત